**આંક–૧૫**

**અમદાવાદની મજુર અદાલત નં.૫ ના પ્રમુખ અધિકારી શ્રી આર.જે.મીરાણી સમક્ષ**

**રીકવરી અરજી નં.૧૪૫/ ૨૦૧૫**

**અરજદાર :–** **અનીસખાન રઈસખાન પઠાણ,**
ઘર નં–૧૪–૮૧, સુવા પંખીની ચાલ,
ઉષા ટોકીઝ પાસે, ગોમતીપુર દરવાજા, અમદાવાદ.
૮/૦ અખિલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થરકુવા પેટ્રોલ પંપ સામે,
રીલીફરોડ, અમદાવાદ.

**વિરુઘ્ઘ**

**સામાવાળા :–** **શેઠશ્રી / મેનેજરશ્રી,**
**હોટલ કર્ણાવતી,**
ઠે. આશ્રમરોડ,અમદાવાદ.

**વિષય :–** **ધી આઈ.ડી.એકટની કલમ–૩૩(સી)(૨) મુજબની અરજી ...**

**હાજર રહયા :–** અરજદાર તરફે : શ્રી વી.કે.કાઝી.
સામાવાળા તરફે : ગેરહાજર.

**–:: <u>ચુકાદો</u> ::–**

**૧.** અરજદારની આંક–૧ ની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર સામાવાળા સંસ્થામાં છેલ્લા ૩ વર્ષથી લોડર ફલાઈટના હોદ્દા ઉપર કાયમી કામદાર તરીકે માસીક રુા.૪૨૮/થી ફરજો બજાવતા હતા. સામાવાળા પગાર ઓછો ચુકવતા હતા જેની માંગણી કરતા અરજદારને તા.૧૫/૦૫/૧૯૯૨ ના રોજ મૌખિક હુકમથી છુટા કરી દીધેલ અને છુટા કરતી વખતે કોઈ નોટિસ, નોટિસ પગાર, છટણી વળતર કે અન્ય ચુકવવા પાત્ર હકકો ચુકવેલ નથી જેથી સામાવાળાનું પગલુ ગેરકાયદેસર હોવાથી નોકરીમાં પુન:સ્થાપિત થવા માટે ઔદ્યોગિક વિવાદ નામ.મજુર અદાલત સમક્ષ ઉપસ્થિત કરેલ જે રેફરન્સ (એલ.સી.એ) નં–૧૭૩૯/૯૧ થી રજીસ્ટર્ડ થયેલ હતો જેમાં નામ. કોર્ટ દ્વારા તા.૦૭/૧૨/૯૩ ના રોજ અરજદારની

તરફેણમાં હુકમ કરવામાં આવેલ અને અરજદારને પડેલા દિવસોના પગાર સહીત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો તથા ખર્ચના રુા.૩૦૦/– ચુકવવાનો હુકમ કરવામાં આવેલો તેમ છતા સામાવાળા ધ્વારા અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરવામાં આવેલા નથી કે પડેલા દિવસોનો પગાર પણ ચુકવી આપેલ નથી. તેમજ નામ.કોર્ટના સદર હુકમ સામે સામાવાળાએ કોઈ પરચુરણ અરજી, રીવ્યુ અરજી કરેલ નથી કે કોઈ ઉપલી અદાલતમાંથી આ હુકમ સામે મનાઈ હુકમ મેળવેલ નથી. આથી અરજદાર એવોર્ડ મુજબ પડેલા દિવસોના પગારની રકમ મેળવવા હકકદાર છે જેની માંગણી સામાવાળા સમક્ષ વારંવાર કરવા છતાં તે ન ચુકવતા આ અરજી કરવાની ફરજ પડેલ છે. સામાવાળા પાસે તા.૧૫/૦૫/૧૯૯૨ થી તા.૧૪/૧૦/૨૦૦૬ સુધીના કોર્ટના એવોર્ડ મુજબ પડેલા દિવસોના પગારની રકમ રુા.૭૪,૦૪૪/– તથા ખર્ચની રકમ રુા.૩૦૦/– મળી કુલ લેણી રકમ રુા.૭૪,૩૪૪/– થાય છે. સબબ અરજીના પેરા–૮ માં સામાવાળા સંસ્થા પાસે અરજદારની કોર્ટના એવોર્ડ મુજબની રકમ રુા.૭૪,૩૪૪/– કાયદેસર લેણી છે તેમ ઠરાવી આ રકમ સામાવાળા ૧૦% વ્યાજ સાથે ચુકવી આપે તેવો હુકમ કરવા અને સામાવાળા આ રકમ ચુકવવામાં નિષ્ફળ જાય તો તેટલી રકમનું રીકવરી વસુલાત પ્રમાણપત્ર મે. મામલતદાર સાહેબ અમદાવાદ તરફ કાઢી આપવા તથા અરજીનું ખર્ચ રુા.૫,૦૦૦/– સામાવાળા પાસેથી વસુલ અપાવવાની દાદ માંગેલ છે. અરજદારે અરજી સાથે રેફરન્સ (એલ.સી.એ)નં–૧૭૩૯/૧૯૯૧ ના એવોર્ડની ઝેરોક્ષ નકલ સામેલ કરેલ છે તેમજ આંક–૨ થી એફીડેવીટ રજુ કરેલ છે. આંક–૩ થી અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રીનો અધિકારપત્ર રજુ કરેલ છે.

**૨.** સામાવાળા સંસ્થાને નોટિસની બજવણી બેલીફશ્રી મારફતે ચોટાડીને કરવામાં આવેલ છે તેમ છતાં આ કામે સામાવાળા સંસ્થા જાતે કે તેમના વિધ્વાન વકીલશ્રી/પ્રતિનિધિશ્રી મારફતે હાજર રહેલા નથી કે અરજદારની અરજી વિરુધ્ધનો કોઈ લેખીત જવાબ રજુ કરેલ ન હોય મારા વિધ્વાન પુરોગામીશ્રીએ તેમનો જવાબનો

હકક બંધ કરેલ અને કામ પુરાવા ઉપર રાખેલ.

**૩.** અરજદાર અનીસખાન રઈસખાન પઠાણે આંક–૦૭ થી તેમની અરજીને સમર્થન કરતા સોગંદ ઉપરની જુબાની રજુ કરેલ છે, જેની ઉલટતપાસ સામાવાળા સંસ્થા ધ્વારા નહી કરવામાં આવતા અરજદારની આંક–૦૮ ની અરજી મંજુર કરવામાં આવેલ છે. અરજદાર તરફે આંક–૦૯ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**૪.** સામાવાળા સંસ્થાને તેમના સાક્ષી પુરાવા રજુ કરવા માટે યોગ્ય અને વ્યાજબી તકો આપવામાં આવેલ છે, તેમ છતાં સામાવાળા સંસ્થા તરફે કોઈ સાક્ષી પુરાવાઓ રજુ કરવામાં આવેલ ન હોય સામાવાળા સંસ્થાને આંક–૧૧ થી ઈન્ટીમેશન કાઢવામાં આવેલ જેની બજવણી બેલીફશ્રી મારફતે ચોટાડીને કરવામાં આવેલ છે તેમ છતાં સામાવાળા સંસ્થા તરફે હાજર રહી તેમના સાક્ષી પુરાવાઓ રજુ કરેલ ન હોય સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ અને ત્યારબાદ આ કામ દલીલો ઉપર મુકવામાં આવેલ.

**૫.** દલીલોના તબકકે અરજદારના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ આંક–૦૧ ની અરજી તથા આંક–૦૭ ની જુબાની મુજબની દલીલો કરી અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે જયારે સામાવાળા સંસ્થા તરફે કોઈ લેખીત યા મૌખિક દલીલો રજુ કરેલ ન હોઈ અરજદારની આંક–૧૪ ની અરજી મંજુર કરી કામ હુકમ ઉપર મુકવામાં આવેલ.

**૬.** આ કામના ન્યાય–નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દાઓ::–**

(૧) અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૨) શું હુકમ?

**૭.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે પ્રમાણે છે.

(૧) અંશત:હકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-:નિર્ણયો અંગેના કારણો:-**

૮. **મુદ્દા નં.૧ :-**

પ્રસ્તુત કેસનું રેકર્ડ જોતાં અરજદારે આંક-૧ ની અરજીમાં સામાવાળા સંસ્થા પાસેથી રેફરન્સ (એલ.સી.એ) નં-૧૭૩૯/૧૯૯૧ માં થયેલ એવોર્ડ મુજબ રુા.૭૪,૩૪૪/-ની રકમ વસુલ મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે. સામાવાળા સંસ્થાને નોટિસની બજવણી કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ તરફે જાતે કે વિ.વ.શ્રી મારફતે હાજર થઈ અરજદારની અરજી વિરુધ્ધનો કોઈ લેખીત જવાબ રજુ કરેલ નથી, તેમજ અરજદારની અરજી તથા તેઓની સોગંદ ઉપરની જુબાનીને કોર્ટમાં હાજર રહી પડકારેલ નથી કે તે વિરુધ્ધ કોઈ પુરાવાઓ રજુ કરેલ ન હોઈ તેઓના તબકકાવાર સ્ટેજ બંધ કરવામાં આવેલ છે.

હાલના કામે અરજદારે તેમની અરજીમાં જણાવ્યા મુજબ રેફરન્સ (એલ.સી.એ) નં-૧૭૩૯/૧૯૯૧ ના કામમાં નામ. મજુર અદાલત ધ્વારા તા.૦૭/૧૨/૧૯૯૩ ના રોજ એવોર્ડ પસાર કરી એવોર્ડ પસિધ્ધ થયાની તારીખથી દિન-૩૦ માં અરજદાર કામદારને શ્રી અનીસખાન રઈસખાન પઠાણને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના તમામ પગાર સાથે મુળ જગ્યાએ પુન:સ્થાપિત કરવાનો હુકમ કરેલ છે અને ખર્ચની રકમ રુા.૩૦૦/- ચુકવી આપવાનો હુકમ કરેલ છે. વધુમાં અરજદારે આંક-૧ ની અરજીની હકીકતો ખરી હોવાનું જાહેર કરેલ છે તે હકીકત લક્ષમાં લેતાં આ કામે અરજદારે તેમની આંક-૧ ની અરજીમાં સામાવાળા સંસ્થાએ ઉપરોકત એવોર્ડ સામે કોઈ પરચુરણ અરજી, રીવ્યુ અરજી કે ઉપલી અદાલતમાંથી કોઈ મનાઈ હુકમ મેળવેલ નથી. સદર એવોર્ડ સામાવાળા સંસ્થાને બજી ગયેલ છે તેમ છતાં સામાવાળા સંસ્થાએ અરજદારને નોકરીમાં પુન:સ્થાપિત કરેલ નથી કે પુરેપરા પગારની રકમ

ચુકવી આપેલ ન હોઈ અરજદારે હાલના કામે સામાવાળા સંસ્થા પાસે એવોર્ડ મુજબની રકમ રુા.૭૪,૩૪૪/– સાથે કાયદેસર લેણી પડતી હોવાનું તેમના મૌખિક પુરાવાથી પુરવાર કરેલ હોય સદર રકમ અરજદાર સામાવાળા સંસ્થા પાસેથી કાયદેસર મેળવવા હકકદાર હોવાનું સ્પષ્ટ તારણ થાય છે. આ કામે અરજદારે લેણી રકમ ઉપર ૧૦ ટકા વ્યાજની માંગણી કરેલ છે પરંતુ ઔદ્યોગિક વિવાદધારાની કલમ–૩૩(સી)(ર) માં વ્યાજ અંગેની કોઈ જોગવાઈ અરજદાર તેમની રજુઆત દરમ્યાન બતાવી શકેલ ન હોય અરજદાર લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર થતા નથી. જેથી ઉપરોકત મુદ્દા નં–૧ નો નિર્ણય હકારમાં ઠરાવી મુદ્દા નં–ર અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) અરજદારની રીકવરી અરજી નં.૧૪૫/૨૦૧૫ અંશત:મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળા સંસ્થાએ અરજદારને રેફરન્સ (એલ.સી.એ)નં–૧૭૩૯/૧૯૯૧ ના કામે થયેલ એવોર્ડ મુજબ રુા.૭૪,૦૪૪/– તેમજ ખર્ચની રકમ રુા.૩૦૦/–મળી કુલ રુા.૭૪,૩૪૪/–આ હુકમ મળ્યેથી દિન–૩૦ માં ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સામાવાળાએ અરજદારને ખર્ચના રુા.૧,૦૦૦/– અલગથી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭ મી માહે માર્ચ – ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૭/૦૩/૨૦૧૮
**CODE:** 00749

**(રામેશ્વર જીતેન્દ્રભાઈ મીરાણી)**
પ્રમુખ અધિકારી,
લેબર કોર્ટ નં.૪, અમદાવાદ

એચ.એન.પટેલ. પી.એ.